સ્થાપના : ૮ ઓક્ટોબર, ૧૯૯૯.
રજી. નં. એ-૬૩૨, મુંબઇ.
ફોન : ૦૨૨-૩૫૪૧ ૮૬૮૧
મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮
Email : jaianavilpub@yahoo.com
Website : www.anavilsamaj.org

**૧૦ નવેંબર - ૨૦૨૪**

તંત્રી : મધુસૂદન દેસાઇ
મો. : ૯૮૨૧૨૮૬૯૧૪
માત્ર સભ્યો માટે
વર્ષ : ૨૨ - અંક - ૧૧


# જય અનાવિલ

## શ્રી અનાવિલ સમાજ, મુંબઈ.

(કાર્યાલય સમય : મંગળ થી શનિ સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦, રવિ ૧૧.૦૦ થી ૨.૦૦)
(સોમવારે કાર્યાલય બંધ રહેશે)


RNI No. MAH-GUJ/2003/9893 • Post Regn. No. MCN/116/2022-2024
Posted at : Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001.

કિંમત રૂા. ૪/- Published & Posted on 10th Day of every month કુલ પાનાં - ૨૦


સભ્ય ફી : ❖ આશ્રયદાતા સભ્ય રૂા. ૨૧૦૦૦/- ❖ આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/-
❖ વાર્ષિક સામાન્ય સભ્ય રૂા. ૫૦/-




tripoly
થઈ જાઓ તૈયાર અવે
યુરોપ વેકેશન
₹ ૧,૯૯,૯૯૯ /- થી શરૂ થાય છે

# તા.૧૯.૧૦.૨૦૨૪ ના રોજ યોજાયેલ શરદોત્સવ કાર્યક્રમ ની જીવંત તસ્વીરો












# તા.૧૯.૧૦.૨૦૨૪ ના રોજ યોજાયેલ શરદોત્સવ કાર્યક્રમ ની જીવંત તસ્વીરો














# સત્યનારાયણ પૂજા કાર્યક્રમનો અહેવાલ

સત્યનારાયણ પૂજા કાર્યક્રમનો અહેવાલ રવિવાર તા. ૬.૧૦.૨૪નાં રોજ બપોરે ૩ વાગે શ્રી અનાવિલ સમાજ મુંબઈનાં કાર્યાલય અંધેરી પૂર્વ મુકામે યોજવામાં આવ્યો હતો. પૂજા શ્રી મહેન્દ્રભાઈ અને એના સાથી દ્વારા કરવામાં આવી હતી. પૂજામાં વિલેપાર્લે નિવાસી માજી કારોબારી સભ્ય મહાદેવભાઈ અને એમના ધર્મપત્ની બિરાજમાન હતા. પૂજામાં મીનાક્ષીબેન, ગીતાબેન, પ્રીતિબેન, મધુસૂદન, ઉર્મિશભાઈ, પૂનમબેન, પંકજભાઈ, સત્યેન, નીમિશભાઈ, કૃતિબેન, પ્રવીણભાઈ તથા અન્ય જ્ઞાતિજનો હાજર રહ્યા હતા. મીનાક્ષીબેન એ સૌનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે મહાદેવભાઈ તરફથી ૫૦૦૦ રૂપિયાનું દાન મળ્યું છે. અંતમાં સૌ અલ્પાહાર કરીને છૂટા પડ્યા હતા. સત્ય નારાયણ પૂજા સ્થાપના દિન નિમિત્તે કરવામાં આવી હતી.

– મધુસૂદન દેસાઈ, સહમંત્રી

## સમાજ ના બેન્ક ખાતાની વિગત

**ટ્રસ્ટનું નામ – શ્રી અનાવિલ સમાજ, મુંબઈ**

ફોરેન ના દાતાઓ માટે
બેંક એકાઉંટસની વીગત
**સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા**
ન્યુ દીલ્હી મેઈન બ્રાન્ચ (કોડ ૦૦૬૯૧)
PURPOSE CODE : P1303
૧૧, પાર્લામેન્ટ સ્ટ્રીટ, ન્યુ દીલ્હી
એનસીટી ઓફ દીલ્હી – ૧૧૦૦૦૧.
એકાઉન્ટ નં. ૪૦૨૩૪૯૫૧૪૭૪,
આઈએફએસસી કોડ : SBIN0000691
SWIFT : SBININBB104

બેંક એકાઉન્ટ :
**બેંક ઓફ ઇંડિયા**
એસ.એસ.આઈ. અંધેરી,
મથુરીયા એપાર્ટમેન્ટ,
૪૯ સર એમ.વી.રોડ,
અંધેરી (પૂર્વ), મુંબઈ–૪૦૦૦૬૯.
બચત ખાતા નં. ૦૦૯૦૧૦૧૦૦૦૦૫૪૧૪
આઈ.એફ.એસ.સી. : બીકેઆઈડી૦૦૦૦૦૯૦

# શરદોત્સવ કાર્યક્રમનો અહેવાલ

શનિવાર, તા. ૧૯.૧૦.૨૦૨૪નાં રોજ સાંજે ૪ વાગ્યાથી શ્રી અનાવિલ સમાજ મુંબઈ મહિલા સમિતિનાં નેજા હેઠળ વાગડ વિસા ઓસ્વાલ વિકાસ સમાજ હોલ, ઓશીવરા મુકામે કાર્યક્રમની શરૂઆત થઇ હતી. પ્રથમ નાના બાળકોની ડ્રોઈંગ અને ફેન્સી ડ્રેસ સ્પર્ધાની શરૂઆત થઇ હતી. ત્યારબાદ સાંજે ૭ વાગે અંબા માતાની આરતી થઇ હતી, એમાં કારોબારી સભ્યો, જ્ઞાતિજનો એ ભાગ લીધો હતો. આ વખતે અતિશય પબ્લીસીટીના કારણે કાર્યક્રમ અનાવિલ જ્ઞાતિના યુવા વર્ગે મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. રાસ ગરબામાં ખેલૈયાઓને રૂમઝૂમતા કરનાર મારૂ ઓકેસ્ટ્રાના કલાકારોએ રંગ રાખ્યો હતો. શ્રીજી બિટ્સ ના સંગીતના સથવારે શ્રી દિનેશભાઈ મારૂ અને કાવ્યા મારૂ. આયોજક શ્રી ધ્રુવ મહેતા અને ગજેન્દ્ર દેસાઈ. શરદપૂનમનાં આજના કાર્યક્રમમાં સમાજના મહિલા વિભાગ તરફ થી મીનાક્ષીબેને હાજર રહેલ જ્ઞાતિજનોનું સ્વાગત કર્યું હતું અને જણાવ્યું હતું કે આ વર્ષે મહિલા વિભાગે રુદ્રી, નવચંડી, યજ્ઞ, સત્ય નારાયણ પૂજા, શરદોત્સવ કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. આ ઉપરાંત અડાજણ સહિયર ગ્રુપ આયોજીત શેરી ગરબા સ્પર્ધામાં અનાવિલ સમાજ મુંબઈના સ્પર્ધક તરીકે ભાગ લીધો હતો.

ત્યારબાદ સ્ટેજ સંચાલક દિલીપભાઈ અને ઉર્મિશભાઈ સમાજની પ્રવૃતિની માહિતી આપી હતી. હાલમાં કાંદીવલી પૂર્વ ચિત્રકૂટ સોસાયટીમાં વિદ્યાર્થી હોસ્ટેલ માટે બે ફ્લેટ લીધેલ છે.  અને બીજા લેવાની તજવિજમાં છે, એને માટે દાન આપવાની જ્ઞાતિજનોની અપીલ કરવામાં આવી હતી. એમણે વધુમાં જણાવ્યું કે આ કાર્યક્રમમાં કેટરિંગ સ્પોન્સરર વિલેપાર્લે નિવાસી એક અનાવિલ શુભેચ્છક એ રૂા. ૨,૨૦,૦૦૦/- નું દાન સહમંત્રી મધૂસુદનભાઈ પ્રયત્નોથી મળ્યું હતું. મધુસૂદનભાઈને સ્ટેજ

પર આવવા અને નાના બાળકોના ઇનામનાં સ્પોન્સર દેવાંગભાઈ (Dipco Investment) નું બેનર પણ આપ્યું હતું. કોઈપણ જ્ઞાતિજનને કોઇ કંપની માં રોકાણ કરવું હોય તો એમનો સંપર્ક સાધવો. એમના પુત્ર નેવિલભાઈ પણ રોકાણ બાબત સારી સમજ છે અને એમણે પણ ઇનામ વિતરમણામાં સહયોગ આપ્યો હતો. સ્ટેજ પર આવવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું, એમનો આભાર માનવામાં આવ્યો હતો. એજ અરસામાં સમાજના ટ્રસ્ટી શ્રી અતુલભાઈ અને એમના ધર્મપત્ની સ્ટેજ પર આવ્યા હતા અને એમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શેરી ગરબા સ્પર્ધામાં ભાગ લેનાર બહેનોએ ગરબો કર્યો હતો અને બેઠા ગરબામા ભાગ લેનાર ભાઈ–બહેનોએ પણ બેસીને ગરબો ગાયો હતો. કાર્યક્રમ દરમ્યાન ગોકુળ કેટરર્સ દ્વારા મીની સમોસા, મીની પિઝા, ઠંડા પીણા પીરસવામાં આવ્યાં હતો. અંતમાં જજ દ્વારા પસંદ કરાયેલા વિજેતાઓને કારોબારી સભ્યો દ્વારા ઇનામ આપવામાં આવ્યા હતા. અંતમાં સૌનો આભાર માનવામાં આવ્યો હતો.

શરદોત્સવ કાર્યક્રમમાં હોલ, બુકિંગ, ડેકોરેશન, ફોટોગ્રાફી, વિડિયોગ્રાફી, ડોનેશન, વેલેટ પાર્કિંગ અને જાહેરાત વિગેરેમાં મધુસૂદનભાઈ, રજિસ્ટ્રેશન કાઉન્ટર ઉપર પૂનમબેન, અજિતભાઈ, નિલેશભાઈ, અમિતભાઈ સ્ટેજ સંચાલકમાં મીનાક્ષીબેન, દિલીપભાઈ, ઉર્મિશભાઈ કેટરિંગની વ્યવસ્થામાં અજીતભાઈ, ઇનામ વિતરણમાં મીનાક્ષીબેન, ગીતાબેન, નીનાબેન, પ્રિતીબેન વગેરે અને આખા કાર્યક્રમનું સારી રીતે સુપર વિઝન કરનારા પ્રમુખ શ્રી કિરણભાઈ, સારી સેવા બજાવી હતી અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. અંત ગોકુળ કેટરર દ્વારા ચાઈનીઝ, પંજાબી વાનગીઓ આરોગી સૌ છૂટા પડ્યા હતા. સૌ જ્ઞાતિજનોને ફરી ફરી આવજો, આવા અનેરા કાર્યક્રમ માં અને અમારો ઉત્સાહ અને ઉમંગ વધારજો.

– લી મધુસૂદન દેસાઈ, સહમંત્રી

| બેઠા ગરબાનું લીસ્ટ | ઉભા ગરબાનું લીસ્ટ | |
|---|---|---|
| ૧) બીપીન નાઈક | ૧) પ્રીતિ દેસાઈ | ૧૦) મેઘા |
| ૨) શ્રીમતી ગીતા નાઈક | ૨) કૃપાલી દેસાઈ | ૧૧) ચેતના |
| ૩) શ્રીમતી મીનાક્ષી દેસાઈ | ૩) બિન્દી દેસાઈ | ૧૨) હેતલ |
| ૪) શ્રી જતીન દેસાઈ | ૪) નીના દેસાઈ | ૧૩) રીધ્ધી |
| ૫) શ્રીમતી જયના દેસાઈ | ૫) નીકીતા દેસાઈ | ૧૪) કૃતિ |
| ૬) શ્રીમતી કુમુડ દેસાઈ | ૬) નેહા મણીયાર | ૧૫) ડીમ્પલ મિત્રા |
| ૭) શ્રી રાજેન દેસાઈ | ૭) દિપ્તી | ૧૬) કૃપા |
| ૮) શ્રીમતી કિરણ દેસાઈ | ૮) કિન્નરી | ૧૭) પારૂલ |
| ૯) શ્રીમતી પ્રતિભા દેસાઈ | ૯) જ્યોતિ | ૧૮) ભાવી |
| ૧૦) શ્રીમતી ચેતના દેસાઈ | | |

# શરદોત્સવ કાર્યક્રમમાં ઈનામ મળેલ તેનું લીસ્ટ

| | | |
|---|---|---|
| ડ્રોઈગ અને ફ્રેન્સી ડ્રેસ | : | ખુશાલી જોષી, વિહાન નાયક<br>શ્રીમયી દેસાઈ, માયશા દેસાઈ |
| ગરબા | : | ભારતીબેન દેસાઈ–અંધેરી,<br>નીતીનભાઈ જોષી–મલાડ<br>કૃપા દેસાઈ, બીના દીપક દેસાઈ<br>ઉર્વી વૈભવ દેસાઈ |
| જોડી ગરબા | : | શ્રેયા હેતલકુમાર નાયક અને<br>જીગર કૌશિક દેસાઈ<br>ચાંદની જશ શેઠ અને<br>માનવ દીપકભાઈ દેસાઈ |
| આરતી | : | કવિતા – પહેલું ઈનામ<br>જીજ્ઞા – બીજું ઈનામ<br>કૃપાલી – ત્રીજું ઈનામ |
| જજ ના નામ | : | નૈનાબેન જોષી અને દિપ્તીબેન |

# દિવાળીમાં મનની સફાઈ કરીએ

– ડૉ. જે. એમ. નાયક
પૂર્વ આચાર્યશ્રી શાહ એન.એચ.કોમર્સ કોલેજ – વલસાડ

આપણા ભારત દેશમાં દિવાળી ટાણે ઘરની સાફ સફાઇ કરવાની વર્ષો જૂની પરંપરા છે. બ્રહ્મ સફાઈથી ઘર ચોખ્ખું થાય છે. ચાલો, ૨૧મી સદીના ત્રીજા ટેકનોલોજીના આ યુગમાં આપણે સૌ મનની સફાઇ પર કરીએ. મનની સફાઈ થકી આપણે માનસિક સ્વાસ્થ્ય જાળવી શકીએ છીએ. વર્તમાન ડિજિટલ યુગમાં તણાવમુક્ત જીવન જીવતા માણસ માટે સ્વાસ્થ્ય મન અતિ આવશ્યક છે. મનની સ્વસ્થતા થકી અનેક શારીરિક રોદો થતા અટકાવી શકાય છે. મનમાં રહેલા અધંકાર અને અંધશ્રધ્ધા દૂર કરવા માટે પણ મનની સફાઈ કરવી જરૂરી છે. મનની સફાઇ થકી ઉદાસી, બેચેની, હતાશા, ચિંતા, માનસિક રોગો ગાંડપણ વગેરે દૂર કરી શકાય છે. મનની શાંતી માટે પ્રાણાયામ, યોગા, ધ્યાન ચોક્કસપણે મદદરૂપ થઇ શકે છે. મહંદઅંશે શારીરિક આરોગ્ય માટે માનસિક આરોધ અંગે જાગૃતિ કેળવવી પડે છે. સમગ્ર વિશ્વમાં લાખો લોકો ડિપ્રેશનથી પીડાઇ રહ્યા છે. હતાશા કે ડિપ્રેશન આજે ગ્લોબલ બની ચૂક્યા છે. મનની સફાઈ થકી ડિપ્રેશનને હડસેલી શકાય છે. દરરોજ છાપામાં આપણે વ્યક્તિગત કે સામૂહિક આપઘાતના સમાચાર વાંચીએ છીએ. આત્મહત્યા એ પણ એક માનસિક બીમારી જ છે. માનસિક રીતે સ્વસ્થ માણસ સંજોગો સમસ્યાઓ કે પડકારો સામે લડી લે છે. જ્યારે માનસિક રીતે રોગી હોય એ નિષ્ફળતા પચાવી શકતો નથી. ચાલો, આપણે સૌ દિવાળી પર્વે મનની સફાઇ થકી માનસિક સ્વાસ્થ્ય માટે પણ સમય ફાળનીને સ્વસ્થ મન અને તન માટે પ્રતિબદ્ધ થઇએ.

# તા.૧૯.૧૦.૨૦૨૪ ના રોજ યોજાયેલ શરદોત્સવ કાર્યક્રમ ની જીવંત તસ્વીરો












# તા.૧૯.૧૦.૨૦૨૪ ના રોજ યોજાયેલ શરદોત્સવ કાર્યક્રમ ની જીવંત તસ્વીરો












# પ્રાર્થના

- અન્નમાં ભક્તિભાવ મળે તો... "અન્નકૂટ" બની જાય છે,
- આત્મામાં ભક્તિભાવ મળે તો... "પરમાત્મા" બની જાય છે,
- ઇમારતમાં ભક્તિભાવ મળે તો... "મંદિર" બની જાય છે,
- ઇશ્વરમાં ભક્તિભાવ મળે તો... "પ્રાર્થના" બની જાય છે,
- ઉજાગરમાં ભક્તિભાવ મળે તો... "જાગરણ" બની જાય છે,
- એકાંતમાં ભક્તિભાવ મળે તો... "ધ્યાન" બની જાય છે,
- કર્મમાં ભક્તિભાવ મળે તો... "કાર્ય" બની જાય છે,
- ગીતમાં ભક્તિભાવ મળે તો... "ભજન-કીર્તન" બની જાય છે,
- ઘડપણમાં ભક્તિભાવ મળે તો... "સંન્યાસ" બની જાય છે,
- ચારિત્ર્યમાં ભક્તિભાવ મળે તો... "સંસ્કાર" બની જાય છે,
- જમણવારમાં ભક્તિભાવ મળે તો... "ભંડારો" બની જાય છે,
- ત્યાગમાં ભક્તિભાવ મળે તો... "વૈરાગ્ય" બની જાય છે,
- ધનમાં ભક્તિભાવ મળે તો... "દાન" બની જાય છે,
- નિરાહારમાં ભક્તિ ભાવ મળે તો... "ઉપવાસ" બની જાય છે,
- પથ્થરમાં ભક્તિ ભાવ મળે તો... "શાલિગ્રામ" બની જાય છે,
- પુસ્તકમાં ભક્તિ ભાવ મળે તો... "ધર્મગ્રંથ" બની જાય છે,
- ફરજમાં ભક્તિ ભાવ મળે તો... "યોગ" બની જાય છે,
- બેઠકમાં ભક્તિ ભાવ મળે તો... "યોગાસન" બની જાય છે,
- ભોજનમાં ભક્તિ ભાવ મળે તો... "પ્રસાદ" બની જાય છે,
- માણસમાં ભક્તિ ભાવ મળે તો... "ભક્ત" બની જાય છે,
- રઝળપાટમાં ભક્તિ ભાવ મળે તો... "યાત્રા" બની જાય છે,
- લેખનમાં ભક્તિ ભાવ મળે તો... "પ્રભુપૂજા" બની જાય છે,
- વૃક્ષમાં ભક્તિ ભાવ મળે તો... "વિભૂતિ" બની જાય છે,
- સત્યમાં ભક્તિ ભાવ મળે તો... "શ્રદ્ધા" બની જાય છે,
- સંસ્કૃતિમાં ભક્તિ ભાવ મળે તો... "સમૃદ્ધિ" બની જાય છે,
- સજ્જનમાં ભક્તિ ભાવ મળે તો... "સંત" બની જાય છે,
- હાથમાં ભક્તિ ભાવ મળે તો... "વંદન" બની જાય છે,
- ક્ષમામાં ભક્તિ ભાવ મળે તો... "ભૂષણ" બની જાય છે,
- શ્રોતામાં ભક્તિભાવ મળે તો... "સત્સંગ" બની જાય છે,

## અવસાન

| ગામ | નામ | તારીખ |
|---|---|---|
| ગણદેવા | અ.સૌ.દેવીલાબેન મહેન્દ્રભાઈ દેસાઈ | ૧૮.૦૯.૨૪ |
| ઊધના | સ્વ. મંજુલાબેન દીનુભાઈ નાયક | ૦૮.૧૦.૨૪ |
| સુરત | સ્વ. ચૈતન્ય કીશોરચંદ્ર દેસાઈ | ૦૮.૧૦.૨૪ |
| વેલુક | સ્વ. મગનલાલ પ્રભુભાઈ નાયક | ૦૮.૧૦.૨૪ |
| બોણંદ/નવસારી | સ્વ. કાંતાબેન ઠાકોરભાઈ નાયક | ૧૦.૧૦.૨૪ |
| અંધેરી/સંડલપોર | સ્વ. નરેશભાઈ શાંતીલાલ દેસાઈ | ૧૧.૧૦.૨૪ |
| પારડી/ભાદોલી | સ્વ. ગુણવંતભાઈ મણીભાઈ દેસાઈ | ૧૪.૧૦.૨૪ |
| નવસારી | સ્વ. ધવલ મહેશચંદ્ર દેસાઈ | ૧૪.૧૦.૨૪ |
| ઘમડાછા | સ્વ. અમરતલાલ મણીભાઈ વશી | ૧૫.૧૦.૨૪ |
| નવસારી | સ્વ.જશવંતરાય રઘુનાથજી દેસાઈ | ૧૬.૧૦.૨૪ |
| અંધેરી | સ્વ. ભારતીબેન ધીમુભાઈ દેસાઈ (શ્રી અનાવિલ સમાજ, મુંબઈના) માજી કારોબારી સભ્યના ધર્મપત્ની | ૧૮.૧૦.૨૪ |
| વલસાડ | સ્વ.શ્રી પ્રશાંત અમૃતલાલ દેસાઈ | ૧૮.૧૦.૨૪ |
| વલસાડ/પારડી | સ્વ. મંજુલાબેન દીલીપભાઈ દેસાઈ | ૧૯.૧૦.૨૪ |
| સુરત | સ્વ. મનિષકુમાર દિલીપભાઈ દેસાઈ | ૨૧.૧૦.૨૪ |
| સચીન | સ્વ.નરેશકુમાર મંગુભાઈ દેસાઈ | ૨૨.૧૦.૨૪ |
| નવસારી | સ્વ. બિપીનભાઈ નાનુભાઈ દેસાઈ | ૨૭.૧૦.૨૪ |
| અંધેરી | સ્વ. ઇંદુમતી રણજીત દેસાઈ | ૨૮.૧૦.૨૪ |

## Advertisement for Vacancy in Hostel :

Hostel facilities for students, irrespective of Cast & creed is available at

- Chitrakut CHS Ltd., Kandivali (East) - (3 Girls Students)
- Vikram CHS Ltd., Kandivali (East) - (7 Boys Students)
- At Riddhi Premises, Andheri (East) - 1 Boy student

Interested students are required to Contact Mrs. Poonam Desai on Mobile No. 9137121678 during office hrs.

# તા. ૧૦.૧૧.૨૦૨૪ થી તા. ૧૦.૧૨.૨૦૨૪ સુધી નું પંચાગ

વિ. સં. ૨૦૮૧ — શુભ લાભ — કારતક સુદ — નવેમ્બર ૨૦૨૪

* શુભ દિવસ

| તિથિ | વાર | તા. | નક્ષત્ર | સૂ.ઉ.૦૬.૩૧ શ્રી મંગલમ્ સૂ.અ.૧૮.૦૪ |
|---|---|---|---|---|
| ૯ | રવિ | ૧૦ | ધનિષ્ઠા | શ્રી હરિ / રંગનાથ જયંતી (નારેશ્વર), અક્ષય નવમી, પંચક |
| *૧૦ | સોમ | ૧૧ | શત. | ભીષ્મ પંચક વ્રતારંભ, પંચક (ચંદ્ર-મીન : ૨૬.૨૨) |
| ૧૧ | મંગળ | ૧૨ | પૂ.ભા. | દેવઉઠી / પ્રબોધિની એકાદશી (બિલીપત્ર), પંઢરપુર યાત્રા |
| *૧૨ | બુધ | ૧૩ | રેવતિ | તુલસી વિવાહ પ્રા., ચાર્તુમાસ સ., પ્રદોષ, વૈકુંઠ ચતુર્દશી ઉપવાસ, પંચક સ. (ચંદ્ર-મેષ : ૨૭.૧૨) |
| ૧૩ | ગુરૂ | ૧૪ | અશ્વિની | ચતુર્દશી ક્ષય તિથિ, વૈકુંઠ ચતુર્દશી, બાલદિન - નહેરુ જયંતી |
| *૧૫ | શુક્ર | ૧૫ | ભરણી | વ્રતની પુનમ, ત્રિપુરારી પૂર્ણિમા, દેવ દિવાળી, ભીષ્મ પંચક વ્રત/તુલસી વિવાહ/કાર્તિક સ્નાન સ., ગુરૂ નાનક જયંતી, ડાકોરમાં શ્રી રણછોડરાયજીને પધરાવી લાવ્યાનો ઉત્સવ, ગોપ માસ પ્રા., પુષ્કર મેળો (અજમેર) (ચંદ્ર-વૃષભ : ૨૭.૧૮) |
| ૧ | શનિ | ૧૬ | કૃત્તિકા | સૂર્ય વૃશ્ચિકમાં ૭.૩૨, સંક્રાંતિ પુણ્યકાળ ૭.૩૨ થી ૧૩.૫૬, મહાલય સ., શનિ રોહિણી, અમૃતસિદ્ધિ યોગ ૧૯.૩૦ થી સૂ.ઉ. |
| *૨ | રવિ | ૧૭ | રોહિણી | લાલા લજપતરાય પુણ્ય તિથિ (ચંદ્ર-મિથુન : ૨૮.૩૨) |
| *૩ | સોમ | ૧૮ | મૃગ. | સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય ૨૦.૧૭, અમૃત. યોગ સૂ. ઉ. થી ૧૫.૫૦ |
| ૪ | મંગળ | ૧૯ | આર્દ્રા | સૂર્ય અનુરાધામાં ૧૪.૫૪ |
| *૫ | બુધ | ૨૦ | પુન. | - (ચંદ્ર-કર્ક : ૮.૪૭) |
| *૬ | ગુરૂ | ૨૧ | પુષ્ય | શ્રી ડોંગરેજી મહારાજની પુણ્ય તિથિ, ગુરૂપુષ્યામૃત સિદ્ધિયોગ સૂ. ઉ. થી ૧૫.૩૬, સૂર્ય ધનમાં ૨૫.૨૮ |
| ૭ | શુક્ર | ૨૨ | આશ્લેષા | - (ચંદ્ર-સિંહ : ૧૭.૧૦) |
| ૮ | શનિ | ૨૩ | મઘા | કાલભૈરવ જયંતી, કાલાષ્ટમી |
| ૯ | રવિ | ૨૪ | પૂ. ફા. | ગુરૂ તેગબહાદુર શહિદ દિન (ચંદ્ર-કન્યા : ૨૯.૦૨) |
| *૧૦ | સોમ | ૨૫ | ઉ. ફા. | - |
| ૧૧ | મંગળ | ૨૬ | હસ્ત | ઉત્પત્તિ એકાદશી (બદામ), આણંદી યાત્રા, બુધ વક્રી ૮.૧૩ |
| *૧૨ | બુધ | ૨૭ | ચિત્રા | - (ચંદ્ર-તુલા : ૧૮.૦૭) |
| ૧૩ | ગુરૂ | ૨૮ | ચિત્રા | ત્રયોદશી વૃદ્ધિ તિથિ, શ્રી નવનીતપ્રભુને વ્રજમાંથી નાથદ્વારા નીજ મંદિરમાં પધરાવવાનો ઉત્સવ, પ્રદોષ |
| ૧૩ | શુક્ર | ૨૯ | સ્વાતિ | શિવરાત્રિ, સંત જ્ઞાનેશ્વર મહારાજ પુ. તિ., વિંછુડો પ્રા. (ચંદ્ર-વૃશ્ચિક : ૩૦.૦૪) |
| ૧૪ | શનિ | ૩૦ | વિશાખા | દર્શ અમાવસ્યા, શ્રી રંગ અવધૂત પુ. તિ., બુધ પશ્ચિમાસ્ત |
| ૩૦ | રવિ | ૧ | અનુરાધા | ડિસેમ્બર : વિંછુડો |
| ૧ | સોમ | ૨ | જયેષ્ઠા | ચંદ્ર દર્શન, શુક્ર મકરમાં ૧૧.૫૮, સૂર્ય જ્યેષ્ઠામાં ૧૯.૧૦, વિંછુડો સ. (ચંદ્ર-ધન : ૧૫.૪૬) |
| ૨ | મંગળ | ૩ | મૂળ | - |
| *૩ | બુધ | ૪ | પૂ. ષા. | - (ચંદ્ર-મકર : ૨૩.૨૦) |
| *૪ | ગુરૂ | ૫ | ઉ. ષા. | વિનાયક ચતુર્થી, વ્યતિપાત મહાપાત ૨૦.૦૨ થી ૨૬.૦૫ |
| *૫ | શુક્ર | ૬ | શ્રવણ | સ્કંદ ષષ્ઠી, શ્રી મદન મોહનજીનો પાટોત્સવ, પંચક પ્રા. (ચંદ્ર-કુંભ : ૨૯.૦૭) |
| ૬ | શનિ | ૭ | ધનિષ્ઠા | મિત્ર સપ્તમી, શ્રી રણછોડરાયજીનો પાટોત્સવ (જુનાગઢ) |
| *૭ | રવિ | ૮ | શત. | ભાનુ સપ્તમી, પંચક, શ્રી ગોકુલનાથજીનો ઉત્સવ |
| ૮ | સોમ | ૯ | પૂ. ભા. | દુર્ગાષ્ટમી, હરિ જયંતી, શ્રી ગુંસાઈજીના ઉત્સવની વધાઈ, લાલ ઘટા, પંચક, નવમી ક્ષય તિથિ (ચંદ્ર-મીન : ૯.૧૫) |
| ૧૦ | મંગળ | ૧૦ | ઉ. ભા. | પંચક |

# સાભાર - સ્વીકાર

## વિધવા મહીલા સહાય ફંડ

| | | |
|---|---|---|
| ૨.૧૦ | પ્રવિણચંદ્ર લલ્લુભાઈ દેસાઈ–બોરીવલી(વે) | ૧૨,૦૦૧/– |

## લેન્ડ એન્ડ બીલ્ડીંગ ફંડ

| | | |
|---|---|---|
| ૧૧.૧૦ | સ્વાતી ભાસ્કર દેસાઈ, મલાડ (ઈ) (ઉર્મીશભાઈ અને પ્રીતીબેનના પ્રયત્નોથી) | ૨૧,૦૦૦/– |
| ૨૮.૧૦ | ગૌરાંગ દેસાઈ, નીછા | ૨૦,૦૦૦/– |
| ૨૮.૧૦ | ડાહ્યાભાઈ નીચા દેસાઈ ટ્રસ્ટ,વલસાડ | ૨૧,૦૦૦/– |

## મેડીકલ ફંડ

| | | |
|---|---|---|
| ૧૫.૧૦ | ડો.સુધીર બી. દેસાઈ, અંધેરી (વે) (મધુસૂદન દેસાઈનાં પ્રયત્નોથી) | ૨૦,૦૦૦/– |

## એજ્યુકેશન ફંડ

| | | |
|---|---|---|
| ૧૨.૧૦ | આનંદ સુરેશભાઈ દેસાઈ, મલાડ(ઈ) | ૨૫,૦૧૦/– |

## આજીવન સભ્ય

| | | |
|---|---|---|
| ૧૯.૧૦ | પીનાકીન ઠાકોરભાઈ દેસાઈ – ૪૨૭૭ | ૧,૦૦૦/– |
| ૧૯.૧૦ | સોનલ દિપક દેસાઈ–નવસારી–૪૨૭૮ | ૧,૦૦૦/– |

## જય અનાવિલ જાહેરખબર

| | | |
|---|---|---|
| ૩.૧૦ | નિરજ દેસાઈ | ૧,૦૦૦/– |

## પંચાગ

| | | |
|---|---|---|
| – | પ્રોટ્રોન પોલીમરર્સ પ્રા.લી., અંધેરી માલવ કે. દેસાઈ | ૫,૦૦૦/– |

## શરદોત્સવ - કલ્ચર એકટીવીટી

| | | |
|---|---|---|
| ૧.૧૦ | નીધી કીરણ દેસાઈ – માહીમ | ૧૦,૦૦૦/– |
| ૧.૧૦ | દીપીકા કીરણ દેસાઈ – માહીમ | ૧૦,૦૦૦/– |
| ૧૯.૧૦ | શરદ જે. દેસાઈ – મુલુંડ | ૫,૦૦૦/– |
| ૧૯.૧૦ | ચેતના દેવાંગ દેસાઈ – વિર્લેપાર્લા ઇ | ૧૦,૦૦૦/– |
| ૧૯.૧૦ | દેવાંગ એસ. દેસાઈ – વિર્લેપાર્લા ઇ (પ્રાઈઝ ડીસ્ટીબુટરર્સ) | ૧૨,૬૧૫/– |
| ૧૯.૧૦ | નીના પંકજ દેસાઈ | ૫,૦૦૦/– |
| ૧૯.૧૦ | કુસુમ નાનુભાઈ નાયક | ૫,૦૦૧/– |
| ૧૯.૧૦ | બળવંતરાય નાયક | ૧,૧૦૦/– |
| ૧૯.૧૦ | રોકડ રકમ | ૭૪,૧૯૭/– |
| ૧૯.૧૦ | જી–પે રકમ | ૫,૦૦૦/– |

## શરદોત્સવ - શ્રી ગરબા પ્રાઈઝ ડીસ્ટીબુસન

| | | |
|---|---|---|
| ૧.૧૦ | કીરણ હર્ષદ દેસાઈ – માહીમ | ૧૧,૦૦૦/– |

## ઓકટોબર માસનાં લાભાર્થી

| | |
|---|---|
| – મહિલા સહાય ૨૬૫ મહિલાઓને આપી | ૭,૫૦,૪૦૦/– |
| કુલ | ૭,૫૦,૪૦૦/– |

**લી. દિલિપભાઈ આર. દેસાઈ (ખજાનચી)**




# ડીફકો ઇન્વેસ્ટમેંટ સર્વીસીસ

મુંબઈ : પીત્રુ છાયા, ૨૧ સ્વસ્તીક સોસાયટી, એન.એસ.રોડ નં.૨, જુહુ સ્કીમ, વિલેપાર્લા (વે), મુંબઈ-૫૬. નેવીલ ડી. દેસાઈ, મો.:૮૦૯૭૭૯૪૭૩૭

નવસારી : જી-૮/૯, રોકીસ એપાર્ટમેન્ટ, સ્ટેશન રોડ, નવસારી-૩૯૬૪૪૫ દેવાંગ દેસાઈ, મો.: ૯૭૧૨૯૨૪૫૨૫

સુરત : ૩૩૨, બેલ્જીયમ ટાવર, લાયનર બસ સ્ટેન્ડની સામે, રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૩. ચંન્દ્રેશભાઈ. મો.: ૯૯૨૫૨૮૨૮૧૫

E-mail : difcoinv@gmail.com

શુભેચ્છક

# હરક્યુલીસ પીગમેન્ટ્સ પ્રાયવેટ લીમીટેડ

**હેડ ઓફીસ**

૪૦૨, પેનીન્સુલા હાઇટ્સ, સી.ડી. બરફીવાલા માર્ગ,
અંધેરી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૫૮. ઇંડિયા

ફોન : +૯૧ ૨૨ ૨૬૨૪ ૮૪૨૬
ફેક્સ : +૯૧ ૨૨ ૨૬૨૪ ૯૩૯૩

**વર્ક્સ**

૩૧૬–બી, ૨ ફેસ, જી.આઇ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઇંડિયા.

એ૧–૨૧૦૬, ૩ ફેસ, જી.આઇ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઇંડિયા.

# બ્રિટાસેલ સીલીકોન લિ.

## તરફથી

## હાર્દિક શુભેચ્છા....

**ક્રોશેલ-૪૭૦**

**ઉત્સાહ સાથે પીછાનાં સ્પર્શનો અનુભવ કરો**

પરંપરાગત પોલીયુરેથીન આધારીત સુવાળો સોફ્નર માટે 'ક્રોશેલ-૪૭૦' એક સારી વિવિધતાવાળી ફેરબદલી. ઓછી માત્રા પર પર્યાવરણને અનુલક્ષીને એવી ઈલાસ્ટોમેટિક ફિનિશ ઉત્પન્ન.

સુધારેલા બાઉન્સ, હળવું શરીર અને ઉચ્ચ ટકાઉપણું માટે કોરા લિકિંગ સિલિકોન ઈલાસ્ટોમર. સુતરાઉ કાપડ અને પોલિએસ્ટર ડ્રેસ મટેરિયલ્સ માટે ખાસ યોગ્ય.




એફ-૧૮, એમ.આઇ.ડી.સી., અંધેરી (ઇસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૯૩.
ફોન : +૯૧ ૨૨૪૦૦૯૪૦૦૦
Email : bsl@britacelsilicones.com

# ડૉ. જાગૃતિ દેસાઈ

❖ એમ.એસ. (ઓપ્થાલ્મોલોજી)
ફેલોશીપ ઇન કેટારેક્ટ સર્જરી
❖ મોતિયાનાં ઓપરેશન ઇન્જેક્શન વગર આધુનિક પદ્ધતિથી થશે.





❖ ઝામર, રેટિના (પડદા)ના નિષ્ણાત ડૉક્ટર મળશે.
❖ સંપૂર્ણ પરિવાર માટે આંખની તપાસ.
❖ વર્લ્ડ ક્લાસ ઓપરેશન થિયેટર

# ઓક્યુલસ
## આઈ હોસ્પિટલ

૧૦૧, જુહુ શીતલ, સમર્થ રામદાસ માર્ગ, કાશા બ્લાન્ડાની સામે,
ગુલમોહર ક્રોસ રોડ નં.૯/૧૦ની વચ્ચે, તિવારી સ્વીટ્સ પાસે, જે.વી.પી.ડી.

મોબાઇલ નં.
૯૮૧૯૯૮૩૧૫૮
૯૮૨૯૯૯૪૧૫૨

સમય : સવારે ૧૦ થી ૮ રાત્રે સુધી

## અનાવિલ સમાજ માટે માત્ર રૂ.૫૦૦/-



ડાયાબિટીસ અને ઝામર ના પેશન્ટો માટે લેટેસ્ટ ટોપકોન, ઓ.સી.ટી. (આંખો માટે સીટી સ્કેન) મશીન હવે ઓક્યુલસ આઈ હોસ્પીટલ માં ઉપલબ્ધ

## સૌજન્ય દાતા - જય અનાવિલ



સ્વ. રાવબહાદુર ભીમભાઇ રણછોડજી જાગીરદારના પુત્રવધુ
સ્વ. વીરમતી ચીમનલાલ નાયક (ખરવાસા) ની સ્મૃતિમાં તેમના
ભાઇશ્રી સ્વ.વિપીનચંદ્ર ર. દેસાઈ તથા તેમના પરિવારજનો તરફથી ચિખલી.

**ખાસ સૂચના**

આ અંકમાં કોઇ વ્યક્તિનું નામ, અથવા અન્ય કોઇ વિગત રહી ગઇ હોય, ખોટી છપાઇ હોય તો તે પ્રત્યે ધ્યાન દોરાતા આગામી અંકમાં સુધારીને પ્રસિદ્ધ કરવામાં આવશે. જા.ખ.ની વિગત ગુજરાતીમાં મોકલવી. લગ્ન અંગેની જાહેર ખબરમાં સંપર્ક અંગેની વિગતમાં ફક્ત ૨-૩ વ્યક્તિની વિગત લખવી. - તંત્રીશ્રી

**જાહેરાતના દરો**

જય અનાવિલ મુખપત્રકમાં જાહેરાતના દરો નીચે મુજબ છે.

આખુ પાનું (કલર) રૂા. ૩૦૦૦/- । આખુ પાનું (B/W) રૂા. ૨૦૦૦/- । લગ્ન વિષયક -રૂા. ૧૦૦૦/-


તંત્રી શ્રી મધુસુદન દેસાઇએ
શ્રી અનાવિલ સમાજ, મુંબઈ વતી છાપ્યું અને પ્રસિધ્ધ કર્યું.
૨૧૫, મગન મહલ, સર એમ.વી.રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.
ફોન : ૩૫૪૧ ૮૬૮૧ / મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮ / વેબસાઈટ : www.anavilsamaj.org

શ્રી અનાવિલ સમાજ, મુંબઈ
હોસ્ટેલ વીક્રમ સોસાયટી, ઓરા ડાયમંડ ફેક્ટરીની સામે,
અશોક ચક્રવર્તી રોડ, કાંદીવલી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૧૦૧.

પ્રિન્ટેડ એટ - અમોલ મહાડીક શીંદે (રૂપા પ્રીન્ટર્સવાળા)
૭, હકીમ કોટેજ, કુરાર વીલેજ, મલાડ (ઈ), મુંબઈ - ૪૦૦૦૯૭. મો.: ૯૨૨૧૦ ૫૦૨૯૩